અપીલ અરજી નં.૩૩૫ તા.૧૩–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કીર્તિકુમાર રતિલાલ બરફીવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કીર્તિકુમાર રતિલાલ બરફીવાલાની તા. ૨૯–૮–૧૧ની અરજીથી ટેના નં.૩૬એ–૦૯–૫૨૦૧–૦–૦૨ આકારણી બાબતની મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૫/૨૦૧૧–૧૨

શ્રી કીર્તિકુમાર રતિલાલ બરફીવાલાની તા. ૨૯–૮–૧૧ની અરજીથી શ્રી કીર્તિકુમાર રતિલાલ બરફીવાલાની તા. ૨૯–૮–૧૧ની અરજીથી ટેના નં.૩૬એ–૦૯–૫૨૦૧–૦–૦૨ આકારણી બાબતની મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) /આરટીઆઈ/આ.નં./૬૮૨ તા.૧૫–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૩– ૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે માહિતી બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૬ તા.૨૧–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો સામેલ કરેલ ન હોઈ તે તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ માહિતીમાં મુળ માહિતી પૈકી કયા મુદ્દા પરત્વે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૮૯૯ તા.૫–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન /અઠવા / આરટીઆઈ/આન.૬૮૨ તા.૧૫–૯–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી ટેના નં.૩૬એ–૦૯–૫૨૦૧–૦–૦૨ આકારણી બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સંબોધતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૯૯ તા.૩૦–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧) ટેના નં.૩૬એ–૦૯– ૫૨૦૧–૦–૦૨ વાળી મિલ્કતમાં સબ ઓકયુ. તરીકે કયા આધારે બીપીએમસી એકટની કઈ જોગવાઈ મુજબ આકારણી દફતરે સુધારો કરેલ છે તેની વિગત. મુદ્દા નં.(૨) ટેના નં.૩૬એ–૦૯–૫૨૦૧–૦–૦૨ થી વસુલ કરેલ વોટર ચાર્જ, ડ્રેનેજ, સફાઈ ચાર્જ કરવેરા કયા નિયમો હેઠળ વસુલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) આ તુમાર કયા સર્વેયર ધ્વારા તૈયાર કરવામાં આવે છે. મુદ્દા નં.(૪) આ તુમાર મંજુર કરનાર અધિકારીનુ નામ અને કર્મચારી નંબર. મુદ્દા નં.(૫) તુમાર મંજુર કરનાર અધિકારીનો નિમણુંક હુકમ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૮૨ તા.૧૫–૯–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. જેમાં આકારણી અને વેરા વસુલાત વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબનાં માહિતીના એ/૪ સાઈઝની પાનાની નકલ (પાના નંગ–૩૩) ના નકલ દીઠ રૂા.૦૨/– લેખે કુલ રૂા.૬૬/– અઠવાઝોન કચેરીમાં ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી માહિતીની નકલ મેળવી શકશો. તેવું જણાવેલ. જે અંગે અરજદારે અઠવાઝોન ખાતે રસીદ નં. ૪૭૩૭૩૨ તા.૨૦–૯–૧૧ ના રોજ અઠવાઝોન ખાતે રૂા.૬૬/– ભરપાઈ કરેલ અને અરજદારને રૂબરૂમાં માહિતીની નકલો પૂરી પાડવામાં આવેલ. તેવું જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં જણાવેલ છે. જે અરજદારે અપીલ સાથે તબદીલ પત્ર જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર રીવીઝન અંગેની નોટીસની નકલ, રીકવીઝેશન ફોર્મ તથા તે સ્વીકાર્યા અંગેની પહોંચ, ભરીને આપેલ રીકવીઝેશનની ફોર્મની નકલ,

એસેસમેન્ટની નકલ, સુધારેલ પત્રક–બ ની નકલ, સુધારેલ પત્રક–બ/૨, સ્થળ તપાસ રીપોર્ટ રજૂ કરેલ છે. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૧૩–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સેલ્ફમાં ૨ ઓકયુ. નંબર કઈ રીતે આપ્યા? યુઝર ચાર્જ જે તે દાખલ તારીખથી પરત કરવા બાબતે રજૂઆત કરેલ છે. વધુમાં અપીલના જોડાણમાં અપીલના મુદ્દા નં.(૧) સંયુકત કુંટુંબ હોવા છતાં વધારાનું બાંધકામ દાખલ કરી વધારાનો ઓકયુ.૦૦૨ દર્શાવી સેલ્ફનો અલગ ટેક્ષ આકારેલ છે. જેમાં અરજદારે વિધાન કરેલ છે કોઈ માહિતી માંગેલ નથી. મુદ્દા નં.(૨) વધારાનું બાંધકામ નોન આરસીસી હોવા છતાં આરસીસી દર્શાવી ટેક્ષ આકારેલ છે. જેમાં અરજદારે નોનઆરસીસી બાબતે તકરારી મુદ્દો મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે કાર્યવાહીને લગતો ઉપસ્થિત કરેલ છે. (૩) ટેના નં.૩૬એ–૦૯–૫૨૦૧–૦–૦૨ માં જે વધારાનું યુઝર આર્જીસ છે જે એક બીલ ૦૦૧ કરી તેમાં જે તે તારીખથી મજરે આપવું જેમાં પણ અરજદારે ૦૦૨ ના યુઝર ચાર્જીસ ૦૦૧ માં કરી બંને બીલોને મર્જર કરવાની રજૂઆત કરેલ છે. મુદ્દાનં.(૪)આઈ ડી નં.૭૫૫ તા.૨૯–૮–૧૧ ને આરટીઆઈનો ફોરવર્ડીગ ક્રમાંનુસારનો જવાબ આપવામાં આવેલ નથી ફકત તુમારની નકલ આપેલ છે જેથી માંગ્યા મુજબનો જવાબ આપવો. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી તુમારની નકલો આપવામાં આવેલ છે પરંતુ અરજદારની મુળ અરજીમાં માંગેલ મુળ મુદ્દા વાઈઝ જવાબ મળ્યાની અરજદારની રજૂઆત યોગ્ય છે. તેમજ સર્વેયર અને મંજુર કરનાર અધિકારી મુદ્દા નં.૨ અને ૫ આરટીઆઈ એકટની કલમ–૪ (૧) (ડી) હેઠળ સ્વયં પ્રકાશિત કરવાની માહિતીમાં સમાવેશ થઈ શકે છે તેવી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારને તુમારની વિગતો પૂરી પડાયેલ છે પરંતુ અરજદારના મુદ્દાદીઠ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી નહીં પૂરી પડાયેલી મુદ્દાદીઠ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી વિગતે પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે. વધુમાં અરજદારે અપીલમાં મુળ અરજીથી અલાયદા આકારણીની કાર્યવાહી બાબતે ઉઠાવેલ તકરારી મુદ્દાઓ અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કીર્તિકુમાર રતિલાલ બરફીવાલા,